# જીવન ચલનેકા નામ

– કવિતા શાહ

છ વરસની નાનકડી જેનેટ રે તથા મોટોભાઈ ટોમ, જ્યારે નિશાળેથી છૂટીને ઘેર પહોંચ્યાં ત્યારે ઘરમાં સન્નાટો છવાયેલો હતો. દરવાજો ખૂલ્લો હતો અને તેની મમ્મી દાદીમાના પલંગ ઉપર ઉદાસ ચહેરે બેઠી હતી.

જેનેટ દોડીને મમ્મીના ખોળામાં "છૂપાઈ ગઈ અને પૂછવા લાગી, ‘‘મમ્મી, તું કેમ મૂંગી બેઠી છો ? નાનીમા કેમ રડે છે ?’’

મમ્મીએ જવાબ આપ્યો, ‘‘બેટા, તમારા પપ્પા હવે ઘેર પાછા નહીં આવે ! એ ગુજરી ગયા છે અને તે હવે આપણને સ્વર્ગમાં બેઠા બેઠા જોતા હશે’’

‘‘નહીં !’’ નાનકડી જેનેટે મમ્મીના ખોળામાં રડતાં રડતાં ચીસ પાડી, ‘‘હું માનતી નથી. તેઓ હંમેશા મને તેમની સાથે વિમાનમાં બેસાડીને ઉડાડતા. છેલ્લે લડાઈમાં ગયા, ત્યારે મને વચન આપ્યું હતું કે તે પાછા આવીને મને વિમાનમાં સાથે લઈ જશે.’’

અમેરિકાના બર્મિંગહામમાં નાનકડી જેનેટ રડતી રડતી સૂઈ ગઈ. છ વરસની નાનકડી જેનેટ પહેલા ધોરણમાં ભણતી હતી. તે તેના પપ્પા પેટ રેની ખૂબ લાડકી હતી. થોમસ પેટ રે પોતાનું B-26 ફાઈટર પ્લેન લઈને, કયુબા નામના દેશને સામ્યવાદીઓના પંજામાંથી છોડાવવાના મિશનમાં જવા નીકળ્યા, ત્યારે તેમણે વ્હાલથી નાનકડી જેનેટને આવજો કહ્યું હતું.

એપ્રિલ ૧૯૬૧નો સમય હતો. અમેરિકન સરકારે, કયુબાની સામ્યવાદી સરકારે હદપાર કરેલા પાયલોટને બોમ્બર–ફાઈટર પ્લેનની તાલિમ માટે ત્રણ મહિના માટે ગુએટમલાન નામના ગુપ્ત સ્થળે, એક ફાઈટર પાઈલોટની ટુકડી મોકલી જે મિશનમાં થોમસ પેટ રે પણ સામેલ હતા.

આ મિશનમાં મોકલવામાં આવેલા પાયલોટ ઓફિસરોને પૂરતું રક્ષણ ન મળતાં તેઓનો જાન જોખમમાં હતો. એક દિવસે જેનેટના ઘેર, થોમસના મૃત્યુના સમાચાર આવતાની સાથે જ ઘરમાં સ્મશાન જેવી શાંતિ છવાઈ ગઈ.

નાનકડી જેનેટને કાંઈ સમજણ પડતી ન હતી, કે તેના પપ્પા તો સારું કામ કરવા ગયા હતા, છતાં કેમ મરી જાય ? તે ઊંઘમાંથી ઝબકીને જાગી જતી, અને પપ્પાને શોધવા લાગતી.

મમ્મી, નાનીમા તથા અન્ય સગા વહાલાંઓ તેને સમજાવતા રહ્યાં. તે માનતી નહીં અને કહેતી ‘‘મમ્મી, પપ્પાને દુશ્મનોએ પકડી લીધા હશે ! મરી નથી ગયા.’’

નાનકડી જેનેટના મનમાં આખો દિવસ પપ્પાનું ભૂત છવાયેલું રહેતું. પપ્પા શું કરતા હશે ? ક્યાં હશે ? ક્યારે પાછા આવશે ? ઘણીવાર રાતે, જેનેટ કાગળમાંથી વિમાન બનાવીને ઉડાડતી અને કહેતી, ''પપ્પા, આ વિમાન મોકલું છું તેમાં બેસીને જલદી ઘેર આવો. મને તમારા વગર ગમતું નથી.''

૨૦ મહિના વીતી ગયા. જેનેટના પપ્પાનો કોઈ પત્તો મળતો ન હતો. ત્યાં સમાચાર આવ્યા કે કયુબાના ફિડલ કાસ્ટ્રોએ કેદીઓને મુક્ત કરવાનું કામ શરુ કર્યું છે. આઠ વરસની જેનેટ દરરોજ રાતે, સમાચારના સમયે, ટીવી નજીક જઈને ચોંટી જાય. કયુબામાંથી છૂટતા એક પછી એક લશ્કરના ઓફિસરોના ચહેરાઓ Wયાનથી જોતી. છેલ્લા કેદીનો ચહેરો જોયો અને સમાચાર આવ્યા કે ક્યુબામાંથી બધા કેદીઓ છૂટી ગયા છે ત્યારે જેનેટ નિરાશ થઈને ટીવી સામે જ રડવા લાગી.

ઘરના બધા લોકોએ થોમસ રેના પાછા આવવાની આશા છોડી દીધી. નાનીમા તો વિચારતાં કે જેનેટ, પપ્પાની યાદમાં પાગલ ન થઈ જાય !

જેનેટને નાનીમા કહેતાં, ''બેટા, તું તારે જે માનવું હોય તે માનજે. તને સાચું લાગે તેમ કરજે, અને તારા પપ્પાને શોધવા તારી મહેનત ચાલુ રાખજે.'' આ સાંભળીને જેનેટની આંખમાં આનંદના આંસુ ઊભરાતાં !

જેનેટ ધીરે ધીરે મોટી થતી ગઈ. જ્યારે સમય મળે ત્યારે જેનેટ છાપાંઓ જોતી. ક્યુબાને સ્વતંત્ર કરવા અમેરીકાએ ચલાવેલ મિશનની માહિતી શોધતી. જ્યાંથી પણ તેને સમાચાર મળતા, તે છાપાનાં કટીંગ્ઝ કાપીને એક ફાઈલમાં ભેગી કરતી. ક્યારેક ઘરમાં થતી છાનીછપની વાતોમાંથી, તેના પપ્પા સાથે મિશનમાં ગયેલા અન્ય સૈનિકોનાં નામ સાંભળતી અને તરત જ એક નોટબુકમાં ટપકાવી લેતી.

તે સોળ વરસની થઈ. તેની શોધ ચાલુ રહી. જેનેટને વાહનનું લાઈસન્સ પણ મળી ગયું હતું એટલે શનિ–રવિની રજાઓમાં તે ગાડી લઈ, પપ્પાને શોધવા નીકળી પડતી. જ્યાં તેના પપ્પા ટ્રેનીંગ આપવા ગયા હતા તે ક્યુબાના એ વિસ્તારમાં જેનેટ ફરવા લાગી. લોકોને પૂછતાં તે જરાયે થાકતી નહીં અને નિરાશ પણ થતી ન હતી. મોટા વેકેશનમાં તો તે ઘેર પાછી પણ ન આવતી અને પપ્પાને શોધવાની તેની લડાઈ જોશથી ચલાવતી.

જેમ–જેમ સમય પસાર થતો ગયો તેમ–તેમ, જેનેટની શોધખોળ વધતી ગઈ. ભણવા સિવાય તેની જિંદગીનું એક માત્ર ધ્યેય હતું, પપ્પાની શોધ ! અને તે માટે કોઈ નિશ્ચિત સમયપત્રક હતું નહીં.

માહિતી પત્રો, છાપાં કટીંગ્ઝ તથા લશ્કરની કચેરી સાથેનો પત્રવ્યવહાર જેનેટે સતત ચાલુ રાખ્યો. લશ્કરની કચેરીમાંથી મિશનમાં ગયેલ અન્ય પાયલોટના સરનામાઓ મેળવીને તેઓના ઘેર ગઈ. ત્યાં અનેક સાથી મિત્રોએ, વિવિધ પ્રકારની માહિતી આપી. જરૂર પડે તેને મદદ કરવા વચન આપ્યું. કોઈ કહે તારા પપ્પા મૃત્યુ પામ્યા છે, તો કોઈ કહે અમે છેલ્લે તેમના મૃતદેહના ફોટા જોયા છે,

પણ કોઈ નક્કર માહિતી હાથ લાગતી નહોતી. એક પાયલોટે તો કહ્યું કે તારા પપ્પા જવાંમર્દ હતા. તેમણે દુશ્મનોનો ખાત્મો બોલાવ્યો હતો. એક વખત જેનેટ સેલ્મા હવાઈ મથકે માઈક વિનિન્ગરને મળી. માઈક અને તેના દેશભક્ત સાથીઓએ જેનેટને તેના કામમાં તમામ પ્રકારની મદદ કરવાનું શરુ



કર્યું. એવામાં તેને એક સમાચાર મળ્યા કે તેના પપ્પાએ તાલીમ આપ્યા બાદ, મિશનના અધિકારીએ પાયલોટોને બે વિકલ્પ આપેલા. કાં તો તમે તૈયાર કરેલા ક્રાંતિકારીઓને સાથે લઈ લડવા જાવ અથવા ટ્રેનિંગ સેન્ટર નિકારાગુવામાં આરામ કરો ! પણ જેનેટના પપ્પાએ લડવા જવાનું પસંદ કર્યું.

થોમસ પેટ રે તથા તેના સાથી એન્જિનિયર લિયો બેકર, B-26 વિમાન લઈ બોમ્બમારો કરીને પાછા આવતાં, દુશ્મનોના વિમાને, B-26 ઉપર હુમલો કર્યો અને વિમાનને જમીન ઉપર ઉતરાણ કરવાની ફરજ પાડી. વિમાનને લેન્ડીંગ કરતાં જ લિયો ગુજરી ગયો. સળગતાં વિમાને જેવું જમીન પર ઉતરાણ કર્યું કે તરત જ બંને હાથમાં રિવોલ્વર સાથે પેટ રે એ જમીન પર ભૂસકો માર્યો.

દુશ્મનોની મશીનગન ધાણીની જેમ ફૂટતી હતી. તેમાં પેટ રેને છાતી, પેટ અને માથામાં ગોળીઓ વાગતાં તેઓ ફસકાઈ પડયા અને દેશ માટે કુરબાન થયા ! એપ્રિલ ૧૯૭૯માં જેનેટને આ વાતની ખબર પડી, ત્યારે તે ૨૪ વર્ષની થઈ ચૂકી હતી અને લગ્ન કરીને જમનીમાં રહેતી હતી.

આ વાતનો આધાર લઈને જેનેટે ફરી અમેરિકા તથા કયુબા સરકાર સાથે પત્રવ્યવહાર તથા તાર કરવાના શરુ કર્યા અને ડિસેમ્બર મહિનાની શરુઆતમાં જવાબ મળ્યો કે થોમસ પેટ રેને હવાનાના મોર્ગ (શબઘર)માં સાચવી રાખવામાં આવ્યા છે.

જેનેટની આંખમાં આંસુ આવી ગયાં. ૧૮ વરસની સતત ભાગદોડ પછી જેનેટ, તેના પપ્પાની ભાળ મેળવી શકી હતી. જેનેટે આ માટે તેનું બાળપણ, મુગ્ધાવસ્થા અને યુવાનીની ભેટ કુરબાની આપી દીધી હતી.

એક દિવસ ધુમ્મસભર્યાં વાતાવરણમાં બર્મિંગહામ એરપોર્ટ પર એક લશ્કરી વિમાન ઊતર્યું અને આ એ જ એરપોર્ટ હતું કે જ્યાંથી ૧૮ વરસ પહેલાં પેટ રે કયુબાને સ્વતંત્ર કરવા, મિશન લઈને, રવાના થયા હતા. મૃતદેહનું કોફિન નીચે ઉતરતા જ જેનેટ દોડી ગઈ. તે કોફિનને ભેટીને રડવા લાગી. અમેરિકાનો રાષ્ટ્રીય Wવજ તેમના મૃતદેહ આસપાસ વિંટળાયેલો હતો અને જેનેટ મનોમન બડબડતી હતી, ‘‘પપ્પા, તમે પાછા આવ્યા ખરા !’’

૮ ડિસેમ્બર ૧૯૭૯ના રોજ પેટ રેના કોફિનને લશ્કરી સલામી સાથે કબ્રસ્તાનમાં લઈ જવાયું. આકાશમાંથી ચાર હેલિકોપ્ટર્સ, ફૂલોની વર્ષા કરતાં હતાં અને તેમાંથી એક હેલિકોપ્ટર આકાશમાં દૂર દૂર ભાગીને અદૃશ્ય થઈ ગયું – જેનેટના પપ્પાની જેમ !

૨૧ જુલાઈ ૧૯૮૦ના રોજ જેનેટને દીકરો આવ્યો અને જેનેટે તેનું નામ રાખ્યું પેટ રે !

૧૭ એપ્રિલ ૧૯૮૭ના રોજ મિયામી શહેરમાં જેનેટને નિમંત્રણ આપવામાં આવ્યું. તે દિવસે શહિદોના મનમાં વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું. જેનેટે તેના પપ્પા તથા અન્ય શહિદોને અંજલિ આપતાં કહ્યું, ‘‘દેશના જવાનો આપણા માટે સતત લડતા રહીને સંદેશો આપતા રહે છે કે દેશ માટેની કુરબાની એ સૌથી મોટું કામ છે !’’

■